**B.V. Patel Institute of Business Management, Computer & Information Technology, Uka Tarsadia University**

**Date: 28/2/2013**

# ઉકા તરસાડીયા યુનિવર્સીટીના વિદ્યાર્થીઓ વિવિધ ઔદ્યોગિક સંસ્થાનની મુલાકાતે...




ઉકા તરસાડીયા યુનિવર્સીટી, અભ્યાસક્રમ અંતર્ગત વિદ્યાર્થી વિકાસ માટે જ્ઞાન અને અનુભવ એકબીજાનાં પૂરક બને તે માટે હરહંમેશ કટિબદ્ધ રહે છે. આ ઉદેશ્યથી રોજિંદા વ્યવહારમાં ઉપયોગી એવી ખાદ્ય ચીજ-વસ્તુઓનું ઉત્પાદન કરતી વિવિધ ઔદ્યોગિક સંસ્થાની મુલાકાત વિદ્યાર્થી માટે યોજાઈ હતી. તા. ૨૫/૨/૨૦૧૩ નાં રોજ બી. બી. એ. નાં ૧૦૦ વિદ્યાર્થીઓએ મુંબઈ સ્થિત પારલે જી અને હિન્દુસ્તાન યુનીલીવર, તા. ૨૭/૨/૨૦૧૩ નાં રોજ બી. કોમ નાં ૧૦૦ વિદ્યાર્થીઓએ વલસાડ સ્થિત બાલાજી વેફર્સ તેમજ તા. ૨૮/૨/૨૦૧૩ નાં રોજ બી. બી. એ. અને બી. કોમ નાં ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ મહુવા તથા મઢી સુગર ફેક્ટરી જેવી ઔદ્યોગિક સંસ્થાનની મુલાકાત લીધી હતી. જેમાં, તેમણે સંસ્થાની કામગીરી, પ્લાન્ટ ની પ્રક્રિયા, મેનેજમેન્ટ સિસ્ટમ, જેવા વિવિધ પાસાની પાયારૂપ માહિતી પ્રત્યક્ષ અનુભવ દ્વારા પ્રાપ્ત કરી હતી. વિધાર્થી વ્યવસાયિક જગત સાથે સીધુ જોડાણ સાધી શકે તથા વ્યવસાયિક ક્ષેત્રની વાસ્તવિક કાર્યપ્રણાલીથી અવગત બને તે માટે સંસ્થા દ્વારા વારંવાર ઇન્ડસ્ટ્રીયલ વિઝીટનું આયોજન કરવામાં આવે છે.





